## ડુંગરીના KFCમાં ચિકનમાંથી લોહી નીકળતા ગ્રાહકનો હોબાળો

**ફરિયાદ** કરતાં કર્મચારીની ગેરવર્તણૂક, વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ

વલસાડઃ વલસાડ તાલુકાના ડુંગરી હાઈવે નજીક આવેલા KFC આઉટલેટમાં ગ્રાહકને પીરસવામાં આવેલું ચિકન કાચું નીકળતા અને તેમાંથી લોહી નીકળતા ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં થતાં હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, એક ગ્રાહકે વલસાડ નજીકના ડુંગરી હાઈવે ઉપર આવેલા KFC માં ચિકન ઓર્ડર કર્યો હતો. જ્યારે ગ્રાહક ચિકન ખાવા ગયો ત્યારે તેને જાણ થઈ કે ચિકન અંદરથી સાવ કાચું હતું. ચિકનમાંથી લોહી (બ્લડ) પણ નીકળી રહ્યું હતું. આ જોઈ ગ્રાહક ચોંકી ઊઠ્યો હતો અને તાત્કાલિક સ્ટાફને આ અંગે જાણ કરી હતી. ગ્રાહકે જ્યારે આ બાબતે KFC ના કર્મચારીઓને ફરિયાદ કરી અને જવાબ માંગ્યો, ત્યારે કર્મચારીઓએ પોતાની ભૂલ સુધારવાને બદલે ગ્રાહક સાથે ગેરવર્તણૂક કરી હોવાનો આક્ષેપ થયો છે. ગ્રાહક સાથે થયેલા આ નબળા વ્યવહારને કારણે મામલો વધુ બિચક્યો હતો. સમગ્ર ઘટનાનો વિડીયો ગ્રાહકે સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો છે, જે હાલ પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ બેદરકારી બદલ ગ્રાહકે હવે ફૂડ એન્ડ ડ્રગ વિભાગમાં લેખિત ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે. નોંધનીય છે કે આ KFC આઉટલેટ વિવાદો માટે નવું નથી. અગાઉ પણ ફૂડ વિભાગ દ્વારા અહીં કરવામાં આવેલી તપાસમાં હલકી ગુણવત્તાનો ખાદ્ય ખોરાક મળી આવ્યો હતો, જે બદલ તંત્ર દ્વારા કાર્યવાહી પણ કરવામાં આવી હતી. વારંવારની આવી ઘટનાઓને પગલે હવે સ્થાનિકોમાં આ આઉટલેટ સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

રૂપિયા 754.97 કરોડનું પુરાંતનુ બજેટ રજૂ

# સતત બીજા વર્ષે કરવેરા વિનાનું વાપી મહાનગરપાલિકાનું બજેટ

**વહીવટદાર**, કમિશનરે લોકોની પાયાની જરૂરિયાત પર ભાર મૂક્યો

વાપીઃ વાપી મહાનગરપાલિકાનું 2026-27ના વર્ષનું રૂ.754.97 કરોડનું કોઈ પણ જાતના વધારાના કરવેરા વગરનું બજેટ સોમવારે મનપાના સભાખંડમાં રજૂ કરવામાં આવ્યું હતું. આ બજેટ રૂપિયા 7.47 કરોડની પુરાંતવાળું બજેટ છે. વહીવટદાર તેમજ વલસાડ જિલ્લા કલેક્ટર ભવ્ય વર્માએ બજેટને રજૂ કર્યુ હતું. ત્યાર બાદ મ્યુન્સિપલ કમિશનર યોગેશ ચૌધરીએ બજેટ વિશેની જોગવાઈઓ અંગે પત્રકારોને વિસ્તૃત માહિતી આપી હતી. ગત વર્ષ કરતાં બજેટની રકમમાં લગભગ સો કરોડનો વધારો જોવા મળ્યો હતો. મનપા વિસ્તારમાં ૧૧ નવા ગામ ઉમેરાયા હોવાથી લોકો પર કરવેરાનો કોઈ પણ જાતના વધારા વગરનું બજેટ પૂર્વ અને પશ્ચિમ વાપીને વધુ સગવડો મળે તેને ધ્યાનમાં રાખી બનાવવામાં આવ્યું છે. મનપાનો ટેક્સ ઓનલાઈન ભરનારાને એક ટકા વધારે વળતર આપવામાં આવશે.

### બજેટ પર એક નજર

| | |
|---|---|
| ઉઘડતી સિલક | 1,87,72,12,696 |
| અંદાજિત આવક | 5,67,24,89,838 |
| કુલ રકમ | 7,54,97,02,534 |
| અંદાજિત ખર્ચ | 7,47,89,85,059 |
| બંધ સિલક | 7,07,17,475 |

### બજેટમાં શિક્ષણ અને સ્પોર્ટસ ક્ષેત્રે જોગવાઈ

વિવિધ વિસ્તારોમાં કુલ રૂપિયા 3.07 કરોડના ખર્ચે ૧૫ નવી આંગણવાડીઓ બનાવવામાં આવશે, જ્યારે હયાત ૩૧ આંગણવાડીઓના રિનોવેશન માટે રૂપિયા ૨.૧૭ કરોડ ફાળવવામાં આવ્યા છે. રમત-ગમત ક્ષેત્રને પ્રોત્સાહન આપવા માટે ચલા ખાતે રૂપિયા ૨.૧૪ કરોડના ખર્ચે સ્પોર્ટ્સ ફેસીલીટી અને રૂપિયા ૫.૦૦ કરોડના ખર્ચે ભવ્ય સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તૈયાર કરાશે.

### માળખાગત સુવિધાઓ અને રોડ-રસ્તા

» શહેરમાં ટ્રાફિક અને પરિવહનની સુવિધા સુધારવા માટે રૂપિયા ૯૦.૪૦ કરોડના ખર્ચે ૭૧.૪૪ કિમી લાંબા રસ્તાઓ બનાવવાનું આયોજન છે. જેમાં ૧૭ મુખ્ય માર્ગોને ડામર અને સીસી રોડથી સજ્જ કરવામાં આવશે. » પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે વલીઠા, સલવાવ અને ડુંગરા જેવા વિસ્તારોમાં નવી પાઇપલાઇન અને નેટવર્ક માટે કરોડો રૂપિયાની ફાળવણી કરાઈ છે. » નામધા ખાતે દમણગંગા નદીના કિનારે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ ગાર્ડન વિકસાવવામાં આવશે. » તળાવ ડેવલપમેન્ટઃ સલવાવ, વટાર અને નામધાના તળાવોને આશરે રૂપિયા ૯.૦૦ કરોડના ખર્ચે પિકનિક સ્પોટ તરીકે વિકસાવવામાં આવશે.

## હોટલ-રિસોર્ટને ગેરકાયદે બાંધકામ બંધ કરવા નોટિસ

**તિથલ** ગ્રામ પંચાયતે સખ્ત વલણ અપનાવતા ફફડાટ

વલસાડઃ વલસાડના દરિયાકિનારે આવેલા પ્રખ્યાત પ્રવાસન સ્થળ તિથલમાં ગ્રામ પંચાયતે વિસ્તારમાં આવેલી એક હોટલ અને રિસોર્ટમાં ચાલી રહેલા વધારાના બાંધકામને તાત્કાલિક અસરથી બંધ કરવાના આદેશ આપ્યા છે.

પ્રાપ્ત વિગતો અનુસાર વલસાડ, તિથલ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી મિલકત નં. ૧૮૬૧ થી એચએનટી રિસોર્ટ અને હોટલ (શ્રીલેખા) ખાતે પંચાયતની મંજૂરી વિના વધારાનું બાંધકામ કરવામાં આવી રહ્યું હોવાનું પંચાયતના ધ્યાને આવ્યું હતું. આ બાબતે પંચાયત દ્વારા અગાઉ નોટિસ આપીને બાંધકામની પરવાનગીના કાગળો રજૂ કરવા જણાવવામાં આવ્યું હતું. આ વધારાના બાંધકામ માટે નગર નિયોજકની કચેરી દ્વારા કોઈ પ્રમાણિત નકશાઓ મેળવવામાં આવ્યા નથી. સરપંચ દ્વારા પાઠવવામાં આવેલી અંતિમ નોટિસમાં સ્પષ્ટ જણાવાયું છે કે, ચાલુ બાંધકામ તાત્કાલિક અસરથી બંધ કરવું. ૭ દિવસની અંદર NA (બિનખેતી) હુકમની નકલ પંચાયત કચેરીમાં રજૂ કરવી. જો નિયત સમયમાં પુરાવા રજૂ કરવામાં નહીં આવે, તો પંચાયત દ્વારા આ ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ભ્રષ્ટાચારના આક્ષેપ ખોટા, ખુદ સરપંચે તપાસની માંગ કરી

**રોલા** ગ્રામ પંચાયતના ભ્રષ્ટાચાર મુદ્દે સરપંચ સાથે ગ્રામજનો કલેક્ટર કચેરીએ પહોંચ્યા

વલસાડઃ વલસાડના રોલા ગામના સરપંચ પુના રહે છે તેમજ તેમના દ્વારા ભ્રષ્ટાચાર આચરાતો હોવાની એક ફરિયાદને લઇ આખું રાજકારણ ગરમાયું હતું. ગામના પાંચ લોકો દ્વારા આ આવેદનપત્ર પાઠવાયા બાદ આજરોજ આખું ગામ સરપંચ સાથે તેમના સપોર્ટમાં કલેક્ટર કચેરીએ પહોંચ્યું અને તેમણે આવેદનપત્ર આપી આ આક્ષેપો ખોટા હોવાની વાત કરી જાતે જ તપાસની માંગ કરી છે.

વલસાડના રોલા ગામના સરપંચ, ઉપસરપંચ તેમજ અન્ય સભ્યોએ આજરોજ મોટી સંખ્યામાં ગામના લોકો સાથે કલેક્ટર કચેરીએ પહોંચી કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતુ. જેમાં તેમણે જણાવ્યું હતું કે, ગામમાં 15મા નાણાં પંચના મનરેગા, ગ્રામ જ્યોતિ યોજના સહિતના અનેક કામો તેમજ ગામમાં રસ્તા, પાણી, ગટર તેમજ સ્ટ્રીટ લાઇટ જેવા વિકાસના કામો પારદર્શક રીતે કરવામાં આવ્યા છે.

આ કામથી ગામના લોકો સંપૂર્ણ પણે સંતુષ્ટ છે. તેમ છતાં કેટલાક હિતશત્રુઓ ગામ બહારના લોકો સાથે આવી ખોટી રજૂઆત કરી રહ્યા છે. જે ગામને બદનામ કરવાની છે. તેમણે જણાવ્યું કે, પંચાયત દ્વારા તમામ કામોના ટેન્ડર મંજૂરી, ચૂકવણી અનુસાર સરકારી નિયોમોનુસાર કરાયા છે. કેટલાક લોકો ખોટી રજૂઆત કરી સરકારી તંત્રને ગેરમાર્ગે દોરી રહ્યા છે.

જેની સામે તપાસ થાય અને તેમની સામે પગલાં ભરાય એવી રજૂઆત તેમણે કલેક્ટરને કરી હતી. આ આવેદનપત્રને લઇ અનેક ચર્ચાઓ ચાલી હતી. તેમજ સરપંચ સાથે મોટી સંખ્યામાં ગામ લોકો આવી જતાં સામા પક્ષના આક્ષેપો સામે પણ સવાલો ઉઠ્યા હતા.

## દમણના ઉદ્યોગોને ગેસને બદલે વૈકલ્પિક ઈંધણ વાપરવાની છૂટ

**15** દિવસ માટે અપાયેલી છૂટમાં ઉદ્યોગોએ પર્યાવરણને કોઈપણ પ્રકારનું નુકસાન નહીં થાય તેની તકેદારી લેવી પડશે

દમણઃ સંઘપ્રદેશ દમણના ઉદ્યોગોને નિયત સમય મર્યાદા સુધી ગેસના બદલે વૈકિલ્પક ઈંધણ વાપરવાની પ્રશાસન દ્વારા છૂટ આપવામાં આવી છે તેવી જાણકારી મળવા પામી છે.

મધ્ય પૂર્વમાં ચાલી રહેલી યુદ્ધ પરિસ્થિતિના કારણે ગેસ પુરવઠામાં સર્જાયેલી કટોકટીનો અસર હવે દમણના ઉદ્યોગો પર પણ જોવા મળી રહી હોય તેવું લાગી રહ્યું છે. ગેસનો જોઈતા પ્રમાણમાં પુરવઠો ઉદ્યોગોને ન મળવાને કારણે ઉત્પાદન પર તેની માઠી અસર પહોંચતી હોવાના કારણે દમણ પ્રશાસન દ્વારા ઉદ્યોગોને તાત્કાલિક રાહત મળે તેવા આશય સાથે વૈકિલ્પક ઈંધણ વાપરવાની છૂટ આપી હોવાનું જાણવા મળી રહ્યું છે.

દમણ પ્રશાસન અને પોલ્યુશન કંટ્રોલ કમિટી દ્વારા દમણના ઉદ્યોગોને ગેસના બદલે અન્ય વૈકલ્પિક ઈંધણનો ઉપયોગ કરવા માટે 15 દિવસની છૂટ આપી છે. જો કે, આ છૂટ આપતી વખતે પર્યાવરણને લગતા તમામ નીતિ-નિયમોનું પાલન ઉદ્યોગોએ ફરજિયાતપણે કરવાનું રહેશે. આ સાથે જ જેટલી માત્રામાં ગેસનો ઉપયોગ કરવામાં આવતો હતો તેટલી માત્રામાં જ વૈકલ્પિક ઈંધણનો વપરાશ કરવાનો રહેશે.

આ માટે ઉદ્યોગોએ પર્યાવરણને કોઈપણ પ્રકારનું નુકશાન નહીં થાય તેની ખાતરી પણ આપવાની રહેશે. 15 દિવસ બાદ ફરી પ્રશાસન ગેસ પુરવઠા અંગે સમીક્ષા બેઠક કરી વૈકલ્પિક ઈંધણ વધુ સમય વાપરવા દેવું કે નહીં તે અંગે નક્કી કરવામાં આવશે. ત્યારે પ્રશાસન દ્વારા લેવાયેલા આ નિર્ણય થકી દમણના ગેસ આધારિત ચાલતા ઉદ્યોગોને મોટી રાહત મળવા પામી છે.

## પારડી હાઈવે પર કેમિકલથી પકવેલી કેરીઓનું ધૂમ વેચાણ

**બહારના** વેપારીઓ આવી કેરીનું વેચાણ કરી વલસાડી હાફુસ કેરીને બદનામ કરી રહ્યા છેઃ ખેડૂત હર્ષદભાઈ દેસાઈ

પારડીઃ પારડી હાઈવે પર ઝારખંડ, છત્તીસગઢ, મુંબઈ, યુપીના કેટલાક વેપારીઓ દ્વારા કાર્બાઈડ જેવા કેમિકલથી પકાવી કેરીઓનું ધૂમ વેચાણ થતાં આરોગ્યને જોખમ ઊભું થવાની શક્યતા સેવાઈ રહી છે. વલસાડી હાફુસ કેરી દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. વાતાવરણના કારણે થતાં નુકસાનમાં વધારાનું નુકસાન હાઈવે પર સ્ટોલો લગાવી બહારના વેપારીઓ આવી અપરિપક્વ કેરીઓનું વેચાણ કરતાં વલસાડની કેરીનું નામ બદનામ થઈ રહ્યું છે.

પારડી તાલુકાના પલસાણા ગામના નિષ્ણાંત ખેડૂત હર્ષદભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે છેલ્લા પાંચ વર્ષથી એટમોસ્ફિયરમાં ફેરફારને કારણે કેરીનો પાક નિષ્ફળ જઈ રહ્યો છે અને હાલની સ્થિતિ આ વર્ષની પણ આવી જ હોવાથી ખેડૂતો ચિંતામાં મુકાઈ ગયા છે. ખેડૂતોની ચિંતામાં વધારો કરતાં વલસાડ જિલ્લાના હાઈવે ઉપર કરમબેલીથી ચીખલી સુધી બહારથી અપરિપક્વ કેરી લાવી વેચાણ કરતાં વલસાડી હાફુસનું નામ બદનામ થઈ રહ્યું છે. હાઈવે ઉપર વેપારીઓ દ્વારા કેરીનું વેચાણ કરતાં કાર્બાઈડ જેવા કેમિકલથી કેરી પકવવામાં આવે છે. જે આપણા શરીરને હાનિકારક છે.હાફુસ કેરીના 12 નંગના 1200થી 1800 રૂપિયા ડઝનના ભાવો તથા કેસર કેરી 200થી 300 રૂપિયા કિલોના ભાવો બોલાઈ રહ્યા છે. કેરીનું વેચાણ કરતાં ઝારખંડ વેપારીઓ આ કેરી ઘાસમાં પકવેલો હોવાનો દાવો કરતાં આ વાત કેટલી સાચી છે જેની ફૂડ વિભાગ તપાસ કરે તે જરૂરી છે.

## વાપીમાં મહિલાના પર્સમાંથી રૂ.1.30 લાખના દાગીના ગાયબ

**બે** ઈસમે ઘરેણાંની માંગણી કરી અને મહિલાએ સતર્કતા દાખવી પાકિટમાં મૂક્યા, તો પણ સેરવી ગયા

વાપીઃ વાપીમાં પાલિકામાં ઘરવેરો ભરવા માટે પગપાળા જઈ રહેલી મહિલાને બે અજાણ્યા યુવકોએ વાતમાં ભોળવી દીધી હતી અને ઘરેણાની માંગણી કરતા હતાં. જેથી મહિલાએ સતર્કતા દાખવી તેની પાસે રહેલ પાકિટમાં 1.30 લાખના ઘરેણા મૂકી દીધા હતાં. જે થોડા સમય બાદ પાકીટમાં મૂકેલા ઘરેણા ગાયબ થઈ ચૂકયા હતા.

વાપી ટાઉન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, વાપી બોરડી ફળિયામાં મીનાબેન ઈશ્વરભાઈ પટેલ (ઉં.વ.50) રહે છે. તેઓ સોમવારે પાલિકામાં મકાનનો વેરો ભરવા માટે પગપાળા નીકળ્યા હતા. તેઓ વાપી રેલવે સ્ટેશનની પૂર્વ તરફ આવેલી સીડી ચઢી રહ્યા હતા તે સમયે સામેથી બે અજાણ્યા ઈસમ તેમની પાસે આવી માસી તમો કયાં જાઓ છો, તમે આ તરફથી થઈને બહાર નીકળી ચાલો તેવો ઈશારો કર્યો હતો. જેથી તેઓ પાછી ફરી તેઓની પાછળ-પાછળ ચાલતા ગીતાનગર તરફની સીડીઓ ઉતરી રેલવે સ્ટેશનની સામે આવેલા જલારામ ખમણ હાઉસની દુકાનની બાજુમાં નાસ્તાની દુકાનની બાજુમાં બાંકડા પર બેસી ગયા હતાં. આ સમયે બંને યુવકે ગળામાં પહેરેલો સોનાનો દોરો, કાનની કડી આપી દેવાનું જણાવ્યું હતું. જે બાદ તેણે બંને 1.30 લાખના ઘરેણા ઉતારીને પોતાની પાસે રહેલા પાકિટમાં મૂકી દીધા હતા. ત્યારબાદ બંને ઈસમ નાસ્તો કરીને આવીએ છીએ કહી રેલવે સ્ટેશન તરફ ચાલતા નીકળી ગયા હતા. ત્યારબાદ મહિલાએ પાકિટ ખોલી જોયું તો ઘરેણા ગાયબ થઈ ચૂકયા હતા. આ બનાવ અંગે મીનાબેન પટેલે વાપી ટાઉન પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

## ઉમરગામ નોટિફાઈડ BOMના ચેરમેન તરીકે જીગ્નેશ બારીની વરણી

**સર્વાનુમતે** થયેલી નિમણૂક સાથે જ તમામ અટકળોનો અંત

ઉમરગામઃ આખરે ઉમરગામ નોટિફાઈડ બોર્ડ ઓફ મેનેજમેન્ટ (BOM)ના ચેરમેન તરીકે જીગ્નેશ આઈ. બારીની સર્વાનુંમતે વરણી કરવામાં આવતા ચાલતી તમામ અટકળોનો અંત આવ્યો છે.

જીગ્નેશભાઈ બારીને ચેરમેન બનાવવા અધિકારીઓ પર રાજકીય દબાણ લાવવામાં આવી રહ્યું હોવાનો માજી યુઆઈએ પ્રમુખ નરેશભાઈ બંથિયાએ આક્ષેપ લગાવ્યો હતો. આ વિવાદ વચ્ચે તારીખ 16 માર્ચને સોમવારે ઉમરગામ નોટિફાઈડ બોર્ડ ઓફ મેનેજમેન્ટની વાપી ખાતે બેઠક મળી હતી, જેમાં ઉમરગામ નોટિફાઈડ એરીયા બોર્ડ ઓફ મેનેજમેન્ટના ડિરેક્ટરો (સભ્યો) દિપક એસ ગુપ્તા, પ્રશાંત થમન, જીગ્નેશ.આઈ.બારી અને અજયભાઈ શાહ તથા અધિકારીઓમાં ઉમરગામ કાર્યપાલક ઈજનેર જીઆઈડીસી વાપી, ઉમરગામ અને પ્રાદેશિક મેનેજર જીઆઈડીસી વાપી ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે પ્રવીણભાઈ જૈન અને તાહેર વોહરા કોઈ કારણોસર ગેરહાજર રહ્યા હતા. તેમને પણ સંમતિ આપી હોવાનુ કહેવાય છે અને આખરે જીગ્નેશભાઈ ઈશ્વરભાઈ બારીની ચેરમેન તરીકેની દરખાસ્ત થતાં તમામે સંમતિ આપતા સર્વ સંમતિથી બિનહરીફ જીગ્નેશભાઈ ઈશ્વરભાઈ બારીની ચેરમેન તરીકે નિમણૂક કરવામાં આવી હતી. આ સાથે તમામ અટકળોનો અંત આવ્યો હતો.

## 67 વર્ષથી વસવાટ છતાં જમીનનો હક કાગળ પર નહીં!

**સરીબુજરંગના** આદિવાસીઓએ કલેક્ટર કચેરીએ ઉપવાસની ચીમકી આપી

નવસારીઃ ગણદેવી તાલુકાના સરીબુજરંગ ગામમાં દાયકાઓથી વસવાટ કરતાં આદિવાસી પરિવારોને આજે પણ પોતાની રહેઠાણની જમીનનો કાયદેસર હક રેવન્યુ રેકોર્ડમાં મળ્યો નથી. વર્ષોથી રજૂઆતો, અરજીઓ અને પુરાવાઓ છતાં તંત્રની ઉદાસીનતા સામે હવે અસરગ્રસ્તોએ કડક વલણ અપનાવ્યું છે. પ્રશ્નનો ઉકેલ ન આવતાં તેઓએ આગામી 27 માર્ચથી નવસારી જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આમરણાંત ઉપવાસ શરૂ કરવાની લેખિત ચીમકી આપી છે.

મળતી માહિતી મુજબ સરીબુજરંગ ગામના જૂના સર્વે નં. 403/બ (નવો બ્લોક નં. 1134) હેઠળની બિનખેતી જમીન વર્ષ 1957-58 દરમિયાન અમલસાડ સહકારી ઘર મંડળી લિ. દ્વારા આદિવાસી પરિવારોને રહેઠાણ માટે ફાળવવામાં આવી હતી. તે સમયની હકપત્રક નોંધ નં. 2278 અને 3097 મુજબ આ ફાળવણીનો પુરાવો પણ ઉપલબ્ધ છે. છેલ્લા અનેક દાયકાઓથી આદિવાસી પરિવારો આ જમીન પર વસવાટ કરી રહ્યા છે, છતાં રેવન્યુ અને સિટી સર્વે રેકોર્ડમાં તેમના માલિકી હકની નોંધ હજુ સુધી કરવામાં આવી નથી.

અસરગ્રસ્ત મહેશભાઈ પટેલે જણાવ્યું હતું કે જો 27 માર્ચ સુધીમાં તંત્ર આ પ્રશ્નનો ન્યાયસંગત ઉકેલ લાવશે નહીં તો તેઓ અને અન્ય અસરગ્રસ્તો નવસારી જિલ્લા કલેક્ટર કચેરીએ આમરણાંત ઉપવાસ શરૂ કરશે. આંદોલન દરમિયાન કોઈ પણ પરિસ્થિતિ સર્જાય તો તેની સંપૂર્ણ જવાબદારી વહીવટી તંત્રની રહેશે.

## વાપીમાં રૂ. 29 લાખનાં ઘરેણાં ચોરીમાં આરોપીના જામીન નામંજૂર

વલસાડઃ વાપીમાં ઘરેણા ચોરીના આરોપીએ જામીન પર છૂટવા માટે વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સુનાવણી હાથ ધરાતા જજ એચ. એન. વકીલે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી આરોપીના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો. વાપી અંબામાતા મંદિર પાસેની એક કોલોનીમાં રહેતો પરિવાર ઘર બંધ કરી મહારાષ્ટ્ર ગયો હતો. ત્યારે કોઈ ચોર તેમના ઘરમાં પ્રવેશી સોનાના 24 તોલા દાગીના કિંમત 26.95 લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. આ અંગે પોલીસ ફરિયાદ થતાં પોલીસે આ ગુનામાં સંડોવાયેલા આરોપી અજય કાંતીલાલ સોલંકીની ધરપકડ કરી હતી. જે કેસમાં વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં આરોપીએ કરેલી જામીન અરજૂ નામંજૂર થઈ હતી.

## ગણદેવીમાં ધાર્મિક તહેવારો પૂર્વે શાંતિ સમિતિ બેઠક યોજાઈ

બીલીમોરાઃ આગામી રામનવમી, રમઝાન ઈદ, હનુમાનજી જયંતી જેવા ધાર્મિક તહેવારોને ધ્યાનમાં રાખી ગણદેવી સર્કિટ હાઉસ ખાતે સોમવારે નાયબ મામલતદાર જિજ્ઞા આહીરની અધ્યક્ષતામાં યોજાયેલી શાંતિ સમિતિની બેઠકમાં તાલુકાના હિન્દુ-મુસ્લિમ સમાજના અગ્રણીઓ, પોલીસ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના આગેવાનો દ્વારા તહેવારોની ઉજવણી શાંતિમય રીતે કરવાની ખાતરી વ્યક્ત કરવામાં આવી હતી. આ પ્રસંગે ગણદેવી પીઆઈ ડી.એમ. રાઠોડ, શૈલેષ હળપતિ, રાજેશ વકીલ, પ્રાણલાલ પટેલ, મિતેષ કંસારા, રઘુ ભરવાડ, સહિત અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## વાપી ડુંગરામાં ટેમ્પોની ટક્કરે સાઈકલચાલકનું મોત

વાપીઃ મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા ગામ સ્થિત ચાલીમાં ક્રિષ્ના નંદલાલ કનોજીયા (ઉં.વ.23) રહે છે. તેમના પિતા નંદલાલ લાલચંદ કનોજીયા (ઉં.વ.44) સાઈકલ લઈને કામાર્થે ગયા હતા અને સાઈકલ પર પરત ઘરે જમવા માટે આવતા હતા તે સમયે ડુંગરા, યુસુફનગર માર્ગ પર ટેમ્પોએ અડફેટે લેતા તેના માથા પરથી ટેમ્પોનું ટાયર ચઢી જતાં તેનું મોત નીપજયું હતું. અકસ્માત કરનાર ટેમ્પોચાલક વાહન છોડી ભાગી છૂટયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ પુત્ર ક્રિષ્નાએ વાપી ડુંગરા પોલીસમથકમાં કરી હતી.


### જાહેર નોટીસનો જાહેર જવાબ

આથી લાગતા વળગતાં તમામને આ જાહેર જવાબ તથા જાહેર ચેતવણી ધ્વારા જણાવવાનું કે, તા.૯-૩-૨૦૨૬ના રોજના દૈનિકપત્ર "ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ"માં બેંક ઓફ ઈન્ડિયા, ગ્રાઉન્ડ ફ્લોર, બીએસએનએલ બિલ્ડીંગ, સાંઢકુવા, નવસારીનાઓ ધ્વારા દેવાદારો પાસે ઋણ વસુલાત માટે ધી સીક્યુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની ધારા ૧૩(૨) હેઠળ જે પબ્લીક નોટીશ પ્રસિધ્ધ કરાવી છે તે હમારા અસીલો ૧. રમેશભાઈ વસનજી પટેલ, ૨. ભારતીબેન રમેશભાઈ પટેલ, ૩. હેમલભાઈ રમેશભાઈ પટેલ, ૪. અમિષાબેન હેમલભાઈ પટેલ, ૫. ભરતભાઈ વસનજી પટેલ, ૬. વિજયભાઈ મગનભાઈ પટેલ, ૭. સરલાબેન વિજયભાઈ પટેલ, ૮. ઈશ્વરભાઈ રતિલાલ પટેલ, ૯. મહેશભાઈ વલ્લભભાઈ પટેલ, ૧૦. છીતુભાઈ નારણભાઈ પટેલ, ૧૧. સુમનભાઈ નારણજી પટેલ, તમામ રહેવાસીઃ મોજે લીંગડ, તા. પલસાણા, જી. સુરતનાને લાગુ પડતી નથી અને તેઓ સામે સદર નોટીશ ખોટી, ગેરકાયદેસરની હોય તેનો કોઈ અમલ કરી કરાવી શકાતો નથી. હમારા ઉપરોકત અસીલોએ બેંક ઓફ ઈન્ડિયાની ઉપરોકત શાખામાંથી કોઈ પ્રકારે ઋણ મેળવવા માટે અરજી કરેલ નથી, કોઈ પુરાવા આપેલા નથી કે ઉપરોકત બેંકના કોઈપણ લોન કાગળો ઉપર સહી કરી ઋણ મેળવેલ નથી. હમારા અસીલ તથા ઉપરોકત બેંક વચ્ચે કોઈ પ્રિવીટી ઓફ કોન્ટ્રેક્ટ નથી. ઉપરોકત બેંકને શ્રી મરોલી વિભાગ ખાંડ સહારી મંડળી લી., જોડેના વ્યવહારો હમારા અસીલોને બંધનકર્તા નથી. તેવા સંજોગોમાં ઉપરોકત બેંક તરફે આપવામાં આવેલ નામજોગ ઋણ વસુલી અંગેની નોટીશનો કોઈ અમલ હમારા અસીલો સામે કરવા કરાવવાનો રહેતો નથી અને ઉપરોકત બેંકને હમારા અસીલો સામે નોટીશમાં જણાવેલ કાયદા મુજબની કાર્યવાહી કરવાનો કાયદેસર કોઈ હકક કે અધિકાર પહોંચતો નથી. તેમ છતાં પણ જો અમારા અસીલની સામે તેવી કોઈ કાર્યવાહી કરવામાં આવશે તો બેંકના ખર્ચે અને જોખમે તેવી કાર્યવાહીનો સચોટ અને મકકમતાપૂર્વક બચાવ કરવામાં આવશે.જેનો જાહેરહીતમાં જાહેર જવાબ આપેલ છે.

**નવિન જે. મોદી**-એડવોકેટ એન્ડ નોટરી તથા **હાર્દિક એ. મોદી**-એડવોકેટ
મુ.પો.બલેશ્વર, તા. પલસાણા, જી. સુરત, મો.: ૯૮૨૫૫૬૦૫૪૪, મો : ૯૯૦૯૩-૨૩૩૪૩

### ખેતીની જમીન વેચાણ અંગે જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે,**નવસારી** ડિસ્ટ્રીક્ટ, સબ-ડિસ્ટ્રીક્ટ **ગણદેવી** તાલુકાના મોજે/ગામઃ **ગણદેવા**માં આવેલ સરવે/**બ્લોક નંબરઃ ૨૧૮૮,** જુનો સરવે નં.૧૦૦૩/૧ થી નોંધાયેલી જુ.શ.ની ખેતીની જમીન, જેનું **ક્ષેત્રફળઃ હે.આરે. ૧-૨૧-૪૧ ચો.મીટર,** જેનો ખાતા નંબરઃ **૭૨૬** તથા આકાર રૂા. ૪.૫૬ પૈસા વાળી જમીન તથા તે જમીનમાં આવેલ ઝાડ, બીડ, શેઢા, વાડ, વળગણ તથા લાગુ રોડ-રસ્તા, પાણી લેવાનો-નિકાલનો હકક તથા લાગતા- વળગતા અંદરના તથા બહારના તમામ હકકો-અધિકારો સહીતની જમીન તથા તે જમીનને લાગતા-વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની જમીન-મિલકતનાં માલિક-મુખત્યાર તથા કબજા-વહીવટદાર તરીકે-**(૧) ભારતીબેન લલ્લુભાઈ પટેલ, (૨) નયનાબેન લલ્લુભાઈ પટેલ, (૩) યોગેશભાઈ લલ્લુભાઈ પટેલ, (૪) અંબાબેન તે યોગેશભાઈ લલ્લુભાઈ પટેલની પત્ની, (૫) હર્ષ યોગેશભાઈ પટેલ તથા (૬) અભિ યોગેશભાઈ પટેલ**નાઓ સંયુક્તરીતે ચાલી આવેલ હોવાનું અને તેઓની ઉક્ત જમીન ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવી અમારા અસીલ કનેથી અવેજ રકમ લઈ વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી ઉક્ત જમીન વેચાણ બાબતે કોઈને કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર, હક્ક-હિસ્સો, અધિકાર, લીયન, ઈઝમેન્ટ, ખોરાકી-પોષાકી, વારસાઈ હકક, દાવો- ફરીયાદ, ગણોતિયો, કબજેદાર, ગીરો, સોદાચીઠ્ઠી, બાનાખત કે કોઈ કરાર, પાવર વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દીન-૧૦** માં અમો એડવોકેટશ્રીને પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. અન્યથા મુદત વિત્યે ઉક્ત જમીનો ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો કે તકરાર નથી અને જો હોય તો તે જતા કર્યા છે તેમ માની લઈ ઉક્ત જમીન માલિકોને બાકીનો વેચાણ અવેજ ચુકવી દઈ અમારા અસીલ ૨.વે. દસ્તાવેજ કરી-કરાવી લઈ સ્થળ ઉપર પ્રત્યક્ષ કબજો સ્વીકારી લેશે. ત્યારબાદ કોઈનો કોઈપણ પ્રકારનો વાંધો-તકરાર કે હક્ક-દાવો ચાલશે નહિ. જેની લાગતા વળગતા તમામે ખાસ નોંધ લેવી.

**સિધ્ધરાજસિંહ ડી. સોલંકી**